For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : હેમંત ડેરે)

# ઓલપાડના લવાછાની અશ્વ રવાલ રેસમાં સિંધી અશ્વો પણ જોડાયાં

**રાજસ્થાનના** ઘોડા લલિતે મારી બાજી, 20 વર્ષથી ચાલતી પરંપરામાં 4 રાજ્યોના 70 અશ્વોએ ભાગ લીધો,દેશભરમાંથી અશ્વપ્રેમીઓ ઉમટી પડ્યા

**રવાલ** રેસમાં કુલ 17 અશ્વો, મધ્યમ રવાલ રેસમાં 11 અશ્વો અને અને મોટી રાવલ રેસમાં 10 અશ્વોએ દોડ લગાવી હતી

સુરત: સુરત ઓલપાડના લવાછામાં દક્ષિણ ગુજરાત અશ્વ પાલક મંડળી (South Gujarat Horse Breeders Association) દ્વારા રવિવારે અશ્વોની નાની રવાલ અને મોટી રવાલ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેસમાં દેશના જુદા જુદા રાજ્યોમાંથી કદાવર, પાણીદાર એવા સિંધિ નસલોનાં ઘોડાઓએ ભાગ લીધો હતો. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ તેમજ કચ્છથી આવેલા 60 જેટલા અશ્વોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. મેદાન ઉપર કુલ ત્રણ પ્રકારની રેસ યોજવામાં આવી હતી, જેમાં ફ્રેશ રવાલ, નાની રવાલ અને મોટી રવાલનો સમાવેશ થાય છે.

રેસના આયોજકો હિમાંશુ કતારગામવાલા (જીગાભાઈ), વેદાંત સાવલિયા અને સતીશ પટેલે જણાવ્યું હતું કે, સુરતના ઓલપાડના લવાછા ગામે છેલ્લા 20 વર્ષથી અશ્વ રેસનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે માત્ર સિંધી પ્રજાતિના ઘોડાઓની રેસ અને ચાલ રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં ચાલુ વર્ષે પ્રથમવાર ફ્રેશ કેટેગરી ઉમેરવામાં આવી હતી, જેમાં કેટલાક ઘોડાઓએ પ્રથમવાર ભાગ લીધો હતો. ગુજરાત, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશના કુલ 60 જેટલા ઘોડાઓ આ વર્ષે સ્પર્ધામાં ભાગ લીધો હતો. 20 જેટલા ઘોડા રેસ માટે નહીં પણ ફેરવવા દર્શકોના મનોરંજન માટે લાવવામાં આવ્યા

અનુસંધાન પાના ૫ પર

## ફ્રેશ કેટેગરી, નાની રવાલ, મોટી રવાલમાં આ ઘોડા વિજેતા બન્યા

આજની સ્પર્ધામાં ફ્રેશ કેટેગરીમાં જોકી દીપાભાઈ અને માલિક જેવિસ પટેલનો ઘોડો શહેનશાહ પ્રથમ ક્રમે, જોકી ગુલાભાઈ અને માલિક ભીખુ પટેલનો ઘોડો નવાબ બીજા ક્રમે, જોકી જયુભાઇ અને માલીક સતિષભાઈનો ઘોડો હિંદ કેસરી ત્રીજા ક્રમે વિજેતા બન્યા હતા. નાની રવાલમાં જોકી સિરાજભાઈ અને માલિક ટીપુભાઈ કયામનો ઘોડો દિલાવર પ્રથમ ક્રમે, જોકી સાજીદભાઈ અને માલિક અશરફખાન પઠાણનો ઘોડો કુમેદ બોર બીજા ક્રમે અને જોકી દેવુભાઈ અને માલિક શોકત બાપુનો ઘોડો પ્રધાન ત્રીજા ક્રમે આવ્યો હતો. મોટી રવાલ જોકી અશોક અને જીગાભાઇ તેમજ માલિક ખીમસિંહ ચૌહાણનો ઘોડો લલિત પ્રથમ ક્રમે વિજેતા થયો હતો. જોકી પિયુષભાઈ અને માલિક સતીષભાઈ પટેલનો ઘોડો રુદ્ર બીજા ક્રમે અને જોકી સતીષભાઈ અને માલિક ઈશ્વરભાઈનો ઘોડો “માલિક” ત્રીજા ક્રમે રહ્યો હતો.

## સલમાન ખાને માંગેલો 2.50 કરોડનો ઘોડો ‘સકબ’ આકર્ષણનું કેન્દ્ર બન્યો

અશ્વ રેસના આયોજક આયોજક જીગાભાઈ કતારગામવાલા અને વેદાંત સાવલિયાએ જણાવ્યું હતું કે ઓલપાડના લવાછા ગામે યોજાયેલી અશ્વ સ્પર્ધામાં ઓલ ઈન્ડિયા લેવલની તમામ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમે રહેલા અને હવે રેસમાંથી નિવૃત થયેલા સિરાજભાઈ પઠાણની માલિકીના ઘોડા ‘સકબ (ટાંકી)’ને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો હતો. સુરતનો આ ઘોડો અભિનેતા સલમાન ખાન દ્વારા 2.50 કરોડમાં માંગવામાં આવ્યો હતો. પણ અશ્વ શોખીન માલિકે ઘોડા સાથે વ્યક્તિગત લાગણી હોવાથી નમ્રતાપૂર્વક વેચાણ કરવા ઇનકાર કર્યો હતો. વર્ષ 2016થી ભારતનાં દરેક રાજ્યોમાં યોજાતી રવાલ રેસમાં તે અવ્વલ જ રહ્યો હતો.

## 3 કિલોમીટરની મોટી રવાલ દોડમાં રાજસ્થાન, સુરત અને કચ્છના ઘોડાઓએ મેદાન માર્યું

**મોટી રવાલ દોડમાં રાજસ્થાનનો અશ્વ લલીત મેદાન મારી ગયો હતો. મોટી રવાલ રેસ કુલ ત્રણ કિમિનાં અંતરની હતી, જેમાં 10 અશ્વની દોડ થઈ હતી. પ્રથમ આવવા બદલ અશ્વનાં માલિક ખિમસિંગ ચૌહાણને મોટર સાઈકલ, જોકીને રોકડ ઇનામ તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે બીજા ક્રમે આવેલો સુરતનો અશ્વ રૂદ્ર વિજેતા નિવડતા તેનાં માલિક સતિષ પાલ અને જોકીને રોકડ રકમનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ત્રીજા ક્રમે કચ્છનો અશ્વ નાગરાજ વિજેતા થતાં તેમનાં માલિક ઈશ્વરભાઈ ધોડકીયાને પણ રોકડ રકમ અને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.**

### પ્રજા માટે ચાર દિનકી ચાંદની પણ દબાણકર્તા માટે અમાસ આવતી જ નથી

# ચૌટાબજારમાં ફરી દબાણ થઈ ગયા

**રાજમાર્ગ** પર બહારગામના વેપારીઓનો કબજો, રાત્રે બજાર ભરી સવાર થતાં ગાયબ

**પોલીસ** કે પાલિકામાં એકપણ ચમરબંદ અધિકારી જ નથી





શાસકોમાં ચૌટાનાં દબાણ હટાવવાની ક્ષમતા નથી

**ગુજરાતમિત્રએ** શક્યતા વ્યક્ત કરી જ છે કે અધિકારીઓનું કંઇ નહીં ઉપજે

સુરત : ‘ચૌટાબજારના દબાણો હટાવવાની શાસકોમાં ક્ષમતા નથી’ એવો ‘ગુજરાતમિત્ર’નો દાવો ફરી એકવાર સાચો સાબિત થતો નજરે પડી રહ્યો છે. થોડા દિવસ પહેલાં પોલીસ કમિશનર અને મેયર જાતે ચૌટાબજારમાં આવી દબાણકર્તાઓને કડક ચીમકી આપી ગયા હતા. ત્યારબાદ મનપા અને પોલીસની સંયુક્ત ડ્રાઈવથી ચારથી પાંચ દિવસ સુધી ચૌટાબજાર અને રાજમાર્ગ પર દબાણો દૂર રહ્યા હતા, પરંતુ તંત્રની ફરી નિષ્ક્રીયતા સામે આવતા આ કાર્યવાહી ચાર દિનકી ચાંદની સમાન બની રહી છે. ચૌટાબજાર સાથે જોડાયેલા રાજમાર્ગ પર રવિવારે તેમજ અન્ય દિવસોમાં રાત્રે ભરાતું બજાર પણ મોટું માથાનો દુખાવો બન્યું છે. આ દબાણકર્તાઓમાં મોટાભાગે સુરત બહારના હોવાનું સામે આવ્યું છે. મુંબઇ, ભરૂચ તેમજ અન્ય વિસ્તારોમાંથી વેપારીઓ રાત્રે આવી રસ્તા પર કબજો જમાવે છે.

મનપા અને પોલીસનું દબાણ હટાવવાનું અભિયાન ઠંડુ પડતાં જ ફરી ચૌટાબજારમાં દબાણો યથાવત થવા માંડ્યા છે. રસ્તાઓ પર લારી, ગલ્લા અને પાથરણાં ફરી ઉભા થતા ટ્રાફિકની સમસ્યા વિકટ બની છે, સાથે જ રાહદારીઓ માટે ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. સ્થાનિક રહીશો અને વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

અનુસંધાન પાના ૫ પર





# સુરતમાં પતરાના શેડમાં દારૂનો બાર

**મહિધરપુરાની** હદમાં સુમુલ ડેરી રોડ પર દારૂ, સોડા, બાઇટિંગ અને બેસવાની વ્યવસ્થા

**3 દિવસમાં** બે ‘જનતા રેડ’, સુરત પોલીસની કામગીરી પર ગંભીર સવાલ

સુરત : ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ સુરત શહેરમાં તેની અમલવારી કાગળ પૂરતી જ સીમિત રહી હોવાની ચોંકાવનારી તસ્વીર સામે આવી છે. છેલ્લા ત્રણ દિવસમાં દારૂના બે અડ્ડાઓ પર થયેલી ‘જનતા રેડ’ બાદ હવે મહિધરપુરા વિસ્તારમાં પતરાના શેડમાં ચાલતા ગેરકાયદે બારનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં પોલીસની નિષ્ક્રિયતા ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે.

સુરતની વાત કરીએ તો જે કામ પોલીસે કરવાનું હોય છે તે કામ છેલ્લા ત્રણ દિવસમાં લોકોએ જાતે જ કરવું પડ્યું છે. કદાચ આજ કારણસર તેને ‘જનતારેડ’ નામ આપવામાં

અનુસંધાન પાના ૫ પર

## 3 દિવસમાં બે મોટી ‘જનતા રેડ’, પોલીસની ભૂમિકા શંકાના ઘેરા

છેલ્લા ત્રણ દિવસમાં શહેરમાં બે મોટી ‘જનતા રેડ’ થવાથી પોલીસની કામગીરી પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. 23 ડિસેમ્બરના રોજ ભેસ્તાનના ભગવતીનગર વિસ્તારમાં સ્થાનિક લોકોએ ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી. લોકો દ્વારા ગુનો પકડાયા બાદ પણ પોલીસની ભૂમિકા ચોંકાવનારી રહી હતી.આક્ષેપ છે કે ભેસ્તાન પોલીસ સ્ટેશનના વહીવટદાર અનિલ ચૌધરીએ દારૂનો અડ્ડો પકડનાર જનતા પર જ ચોરીનો ગુનો દાખલ કરવાની ધમકી આપી હતી. આ ઘટના પોલીસ અને બુટલેગરો વચ્ચેની સંભવિત મિલીભગત તરફ ઈશારો કરે છે. વધુમાં, અનિલ ચૌધરીની ધમકી આપતી વોટ્સએપ વોઇસ ક્લીપ સોશિયલ મીડિયા પર વાઇરલ થવા છતાં આજદિન સુધી તેમના સામે કોઈ કાર્યવાહી ન થતાં પોલીસ પ્રશાસનની નીતિ પર સવાલો ઊભા થયા છે.

# ભાજપ શહેર સંગઠનનું માળખુ પણ બે ત્રણ દિવસમાં જાહેર થવાની અટકળો

**મહામંત્રી** પદ માટે કોટ વિસ્તાર-પરપ્રાંતિયોમાં મર્યાદિત વિકલ્પ : સૌરાષ્ટ્રવાસીઓમાં ખેંચતાણ રહેશે

સુરતઃ શહેર કોંગ્રેસમાં સંગઠનના માળખાની જાહેરાત વચ્ચે ધમાસાણ મચ્યું છે. ત્યારે જેની ઘણાં સમયથી રાહ જોવાઇ રહી છે, તે શહેર ભાજપ સંગઠનનું માળખુ પણ હવે બે ચાર દિવસમાં જાહેર થવાની અટકળો વહેતી થઇ છે. શનિવારે રાત્રે પ્રદેશનું માળખુ જાહેર થયું અને તેમાં અમુક આશ્ચર્યજનક ચહેરાઓને સૂચક રીતે સ્થાન મળ્યું. તે જોતા હવે શહેર સંગઠનમાં કોનો હાથ ઉપર રહે છે તેના પર રાજકીય વર્તુળોની મીટ મંડાઇ છે.

શહેર સંગઠનના પ્રમુખપદે પાટીદાર નેતા પરેશ પટેલની વરણી બાદ હવે ચાવીરૂપ મનાતી જગ્યાઓ પર કોને તક મળે છે તે બાબતે ભારે ઉત્કંઠા છે. કેમ કે આ વખતે શહેર સંગઠનના હોદ્દાઓ પર શહેર પ્રમુખને વરણી માટે અપાતી સતા પર કાપ મુકીને પ્રદેશ મોવડી મંડળે આ હોદ્દાઓ માટે પણ સેન્સ લેવા નિરિક્ષકોને મોકલ્યા હતા. જો કે મહામંત્રી પદની વહેંચણી સૌરાષ્ટ્રવાસી, મૂળ સુરતી અને પરપ્રાંતિય નેતાઓ વચ્ચે વહેંચી દેવાની ભાજપની પરંપરા છે. ત્યારે ત્રણ જગ્યા પૈકી સુરતી નેતાઓમાં લાફા પ્રકરણ ફેઇમ શૈલેષ જરીવાલા, ગટર સમિતિ ચેરમેન કેયુર ચપટ્ટવાલા અને યુવા મોરચાના પ્રમુખ રહી ચુકેલા ભાવીન ટોપીવાલાના નામ વહેતા થયા છે. જ્યારે પરપ્રાંતિયોમાં એક રાજસ્થાની કોર્પોરેટર, માજી શાસકપક્ષ નેતા અને એક મરાઠી નેતાના નામો ચર્ચામાં છે. સૌરાષ્ટ્રવાસી નેતાઓમાં મહામંત્રી પદ માટે સીનિયર અને વજનદાર નામોનું લિસ્ટ મોટું હોવાથી રસાકસી રહે તેવી શકયતા છે.

psj પચ્ચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
સૌથી ઓછો ભાવ, સૌથી ઓછી મજુરી
22 Kt (916) સોનાનો આજનો ભાવ
₹121900/- પ્રતિ ૧૦ ગ્રામ
ઘડામણ ફક્ત 7% થી શરૂ
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. મંજુલાબેન જયંતિભાઈ પટેલ
જન્મ તા.: ૦૧/૧૨/૧૯૪૬ । સ્વ.તા: ૨૯/૧૨/૨૦૨૪
આપની અનંત યાત્રાને આજે એક વર્ષ પુરા થયા, વિધિના લખેલા લેખથી તમે અમારાથી દુર થઈ ગયા દુનિયામાં દરેક સમૃધ્ધિ મળશે, પરંતુ હૃદયાંગના માતૃશ્રીનો સથવારો અમોને ક્યારેય મળશે નહીં. માયાના બંધનમાંથી મુકત થયા તમે અમને એકલા મુકી ચાલ્યા ગયા તમે અમારાથી ભલે દુર થયા, પરંતુ આપની યાદોની જ્યોત સદાય અમારા મનમાં જલતી રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ.
જયંતિભાઈ છીમાભાઈ પટેલ
સ્વ. હરીશભાઈ જયંતિભાઈ પટેલ
નિલેશભાઈ જયંતિભાઈ પટેલ
વિનોદભાઈ જયંતિભાઈ પટેલ
ભાવનાબેન પ્રવિણભાઈ પટેલ
આરતીબેન સંદિપભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
સ્થળ : હંસ આશીર્વાદ, નવા મગદલ્લા, સુરત.

છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

યાદ તમારી અમારા જીવનની સરગમ છે,
દિવસોમાં નહિ તમે અમારી સાથે હરપળ છો,
એક ચેહરો જે સ્મૃતિમાંથી ભુલાય નહિ,
એક વ્યક્તિ જે ક્યારેય વિસરાય નહિ,
જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે
અને ફુલ બની આસપાસ મહેક્યા કરે,
પરમ કૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને ચિર શાંતિ આપે
એજ પ્રાર્થના કરીએ.
સ્વ. હિરાભાઈ જીવણભાઈ પ્રજાપતિ
સ્વ. તા. ૨૯.૧૨.૨૦૧૯
લિ. ગં.સ્વ. શારદાબેન હિરાભાઈ ઈટવાલા
જ્યોતિબેન મહેશ દલવાડી
મહેશકુમાર નટવરલાલ દલવાડી
શ્રદ્ધા જયકુમાર કાટેચા
તુલસી મહેશ દલવાડી
ભાવના હિરાભાઈ ઈટવાલા
જાગૃતિ ઓઝા
યશ ઓઝા
નિશી ઓઝા
ઈંદ્રવદન હિરાભાઈ ઈટવાલા
મનિષા ઈંદ્રવદન ઈટવાલા
જાનકી ઈંદ્રવદન ઈટવાલા
સિદ્ધાર્થ ઈંદ્રવદન ઈટવાલા
પુનમ ધવલકુમાર ઈટવાલા
આદિત ધવલ ઈટવાલા
વિધી ધવલ ઈટવાલા
પિયાંશુ ધવલ ઈટવાલા

પ્રથમ પૂણ્યતિથિએ
હાર્દિક શ્રધ્ધાંજલિ

તમોએ સર્વને પ્રેમ અને વાત્સલ્ય આપ્યા, ધર્મ સંસ્કાર આપ્યા, વડલાની જેમ છાયા આપી દુઃખ અને સુખ બંનેમાં સાચવ્યા અમને, કર્મ સદાય એવા કર્યા કે સૌના હૈયામાં ગુંજ્યા કરે. કર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં.. પ્રભુ આપને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ..
સ્વ. માલીબેન નરોત્તમભાઈ પટેલ
સ્વ. તા. ૨૮/૧૨/૨૦૨૪
ગામ : જીણોદ, તા. ઓલપાડ, જી. સુરત.
લિ.
રમેશચંદ્ર એન. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(વાઈસ ચેરમેન, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત)
નવીનચંદ્ર એન. પટેલ
નિરંજનભાઈ એન. પટેલ
પ્રમોદભાઈ એન. પટેલ
જીગ્નેશભાઈ એસ. પટેલ

પ્રાર્થનાસભા
સુરતી વિશાખડાયતા વણિક અવસાન.

જન્મ ૧૭/૦૮/૧૯૪૧
સ્વર્ગવાસ ૨૭/૧૨/૨૦૨૫
સ્વ. વિપીનચંદ્ર ભાઈદાસભાઈ કાપડિયા
સખેદ જણાવવાનું કે અમારા પિતાશ્રી. વિપીનચંદ્ર ભાઈદાસભાઈ કાપડિયા નો તા. ૨૭/૧૨/૨૦૨૫ ના રોજ ગોલોકવાસ થયો હતો. એમના આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાસભા તારીખ ૨૯/૧૨/૨૦૨૫ ને સોમવાર ના રોજ સાંજે ૫ થી ૭ કલાક જીવન વિકાસ ટ્રસ્ટ. ગુજરાત ગેસ ઓફિસ પાસે. અડાજણ. સુરત મુકામે રાખવા માં આવેલ છે.
મનાલી - મેહુલ વિપીનચંદ્ર કાપડિયા
જોલી - હેમલ વિપીનચંદ્ર કાપડિયા
ફાલ્ગુની - પરેશકુમાર મધુસુદનલાલ કાપડિયા
વિવેક - બીજલ. સ્તુતિ. જય. ઈશિતા
તથા સમસ્ત કાપડિયા પરિવારના જય શ્રી કૃષ્ણ

દુઃખદ અવસાન – બેસણું

સ્વ. જયકાંત કાંતિલાલ દીવાન
સ્વ. તા. ૨૭/૧૨/૨૫
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતા સ્વ. જયકાંત કાંતિલાલ દીવાન નું તા. ૨૭/૧૨/૨૫ ના રોજ અવસાન થયું છે. પ્રભુ દિવંગતના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
:: દિવંગતના આત્માને શ્રદ્ધાંજલિ અર્થે બેસણું ::
તા. સોમવાર, ૨૯.૧૨.૨૦૨૫ સાંજે ૪ થી ૬ વાગ્યા દરમિયાન SVP ભવન (SVNIT) ગેસ્ટ હાઉસ, કેન્દ્રિય વિદ્યાલય નજીક, ઇચ્છાનાથ સર્કલ, સુરત ખાતે રાખવામાં આવ્યું છે.
:: શોકાતુર પરિવાર ::
લિ. ગં. સ્વ. સુધા દીવાન (પત્ની)
અનુજ દીવાન (પુત્ર) | નિકેતા દીવાન (પુત્રવધૂ)
ચિરાગ પંચાલ (જમાઈ) | તન્વી પંચાલ (પુત્રી)
આરના, રાજવીર

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. ચંદ્રાદેવી ગિરધારીમલ બસરાની
સ્વર્ગવાસ તા. 29.12.2024
આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપ આદર્શ માર્ગદર્શક હતા, આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ, લાગણીશીલતા અને પરોપકાર અમો આજીવન ભૂલશું નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
લિ.
ગિરધારીમલ મોરંદમલ બસરાની (પતિ)
મહેશ ગિરધારીમલ બસરાની(સુપુત્ર)
રાજેશ ગિરધારીમલ બસરાની(સુપુત્ર)
દેવાનંદ ગિરધારીમલ બસરાની(સુપુત્ર)
કેતન મહેશકુમાર બસરાની(પૌત્ર)
વિનય રાજેશકુમાર બસરાની(પૌત્ર)
આર્યન દિપકકુમાર બસરાની(પૌત્ર)
અંશ દિપકકુમાર બસરાની(પૌત્ર)
કનૈયા રેડીમેઈડ્સ – ઓલપાડ

અમદાવાદી ચાંપાનેરી ઘાંચી અવસાન

સ્વ.અમૃતલાલ છગનલાલ કાપડિયા (એ.સી. કાપડિયા, રિ.ના. મામલતદાર)
સ્વ. તા. ૨૮/૧૨/૨૦૨૫
દિલગીરી સાથે જણાવવાનું કે શ્રી અમૃતલાલ છગનલાલ કાપડિયા (રિ.ના. મામલતદાર) રવિવાર તારીખઃ ૨૮/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૭:૦૦ વાગ્યે અક્ષરનિવાસી થયા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
સદ્‌ગતની અંતિમ યાત્રા તા.: ૨૯/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે તેમના નિવાસસ્થાનેથી કુરુક્ષેત્ર મુકામે લઈ જવામાં આવશે.
નિવાસસ્થાનઃ એ-૧૨૬, અહુરાનગર સોસાયટી, ભૂલકા ભવન વિદ્યાલયની સામે, અડાજણ, સુરત.
સદ્‌ગતનું બેસણું: સોમવાર, તાઃ૨૯/૧૨/૨૫ ના રોજ સાંજે ૪ વાગ્યે એમના નિવાસ સ્થાને રાખેલ છે.
શોકાતુર પરિવારઃ
જયંતાબેન અમૃતલાલ કાપડિયા (પત્ની)
પ્રવિણભાઈ સી કાપડિયા (ભાઈ)
વસંતભાઈ સી કાપડિયા (ભાઈ)
અતુલ વી કાપડિયા (ભત્રીજા)
ધર્મેશ વી કાપડિયા (ભત્રીજા)

શ્રી
સત્ કૈવલ સાહેબ
દસમી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. ભગુભાઈ નરસિંહભાઈ પટેલ
જન્મ તા. ૨૧-૦૫-૧૯૪૩
મરણ તા. ૨૯-૧૨-૨૦૧૫
ગામ. સોનારી સુરત સીટી
એક ચહેરો જે દૃષ્ટિમાંથી ક્યારેય ભૂલાશે નહી એક વ્યક્તિત્વ જે ક્યારેય વિસરાશે નહીં. એક હુંફ જે ક્યારેય મળશે નહીં જેમનું નામ સતત હૃદયમાં ગુંજયા ફુલ બનીને મહેકયા કરે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ એજ પ્રાર્થના. તમે ભલે આ દુનિયા છોડી દીધી હોય પરંતુ તમારો પ્રેમ હંમેશા અમારા હૃદયમાં રહેશે.
લિ.
ગં. સ્વ. રમણબેન ભગુભાઇ પટેલ (પત્ની)
ભરતભાઇ ભગુભાઇ પટેલ
ઇલાબેન ભરતભાઇ પટેલ
નિતીનકુમાર ભરતભાઇ પટેલ
શ્રીકાન્ત (બાપા સીતારામ)
રવિભાઇ ભરતભાઇ પટેલ
ગીતાબેન છીમુભાઇ પટેલ - ભેસ્તાન
લતાબેન મોહનભાઇ પટેલ - બુડીયા
ગં. સ્વ. પદમાબેન પરભુભાઇ પટેલ - ઉબેર
ખુશ્માબેન જયંતિભાઇ પટેલ - બુડીયા
દ્રિજા-જીસા-હેન્સ-વિહા-સપના-વેદ-રીવાન
સ્વ. હરેશભાઇ ભગુભાઇ પટેલ
ખુશ્બુબેન નિતીનભાઇ પટેલ
જીનલબેન શ્રીકાન્તભાઇ પટેલ
ખુશ્બુબેન રવિભાઇ પટેલ
પુષ્પાબેન મોહનભાઇ પટેલ - ગભેણી
અરૂણાબેન સુરેશભાઇ પટેલ - બુડીયા
ગં.સ્વ. કોકીલાબેન હસમુખભાઇ પટેલ - ભેસ્તાન
ભદ્રેશભાઈ ધનસુખભાઈ પટેલ
રાજેશ્રીબેન ભદ્રેશભાઇ પટેલ (ભટાર)
ગામ. સોનારી જી. સુરત